RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 25, Dt.10-04-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વડાપ્રધાન મોદી ગુજરાતના ચારેય ઝોનમાં સભા ગજવશે



## રૂપાલાના વિવાદને શાંત કરવા આગામી તા.૨૨ એપ્રિલે રાજકોટમાં રેલી કરે તેવી સંભાવનાઃ પાંચ લાખથી વધુ માર્જીનથી જીતવાનો ભાજપનો દાવોઃ સભાની સાથે રેલી અને રોડ શોનું પણ આયોજન કરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં લોકસભાની ચૂંટણીનો માહોલ બરાબરનો જામ્યો છે. ગુજરાતમાં ભાજપે તમામ લોકસભા બેઠક પર પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે. લોકસભામાં ભાજપનો ગઢ ગણાતું ગુજરાતમાં ફરી ભગવો લહેરાય એ માટે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેદાને ઊતરશે. ગુજરાતના ચારેય ઝોનમાં નરેન્દ્ર મોદી સભા કરશે એવું જાણવા મળ્યું છે. ગુજરાતમાં ચારથી વધુ સભા કરે એવી શક્યતા છે, જેમાં રૂપાલાનો વિરોધ શાંત કરવા પહેલી સભા રાજકોટમાં કરે એવી શક્યતા છે. સભાની સાથે રેલી, રોડ-શોનું પણ આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાતના ચારેય ઝોન, જેમ કે સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં નરેન્દ્ર મોદી સભા કરી આખા રાજ્યને કવર કરશે. એમાં પહેલી સભા ૨૨ એપ્રિલે રાજકોટમાં કરે એવી માહિતી રાજકીય સૂત્રો પાસેથી જાણવા મળી છે, કારણ કે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદનને લઈ ગુજરાતભરના ક્ષત્રિયો વિરોધ કરી રૂપાલાની ટિકિટ રદ કરવા માગ કરી રહ્યા છે. ત્યારે નરેન્દ્ર મોદી આ વિરોધને શાંત કરવા મેદાને ઊતરશે.

ગુજરાતની ચૂંટણીમાં આ વખતે પ્રશ્ન એ વાતને લઈને નથી કે ભાજપ કેટલી બેઠક જીતશે, પરંતુ પ્રશ્ન એ છે કે કેટલી બેઠક ૫ લાખના માર્જિન સાથે જીતશે? અને આ ચર્ચા એટલા માટે, કેમ કે ૨૦૨૨ના વિધાનસભા ચૂંટણીમાં ૮૦ ટકા બેઠક જીત્યા બાદ ભાજપે જાહેરાત કરી હતી કે તે રાજ્યની તમામ ૨૬ લોકસભા બેઠક ૫ લાખથી વધુના માર્જિનથી જીતશે. આ દાવા પાછળનું એક કારણ છે મોદી. માત્ર ભાજપ જ નહીં, પરંતુ કોંગ્રેસ પણ મોદીના જ ભરોસે છે. ગાંધીનગરના પોશ વિસ્તારથી લઈને કચ્છના નલિયા ગામ સુધી મોદીના પક્ષમાં અથવા તો મોદીના વિરોધની વાત સાંભળવા મળી રહી છે.

# લોકસભાની ચૂંટણી પહેલાં ચૂંટણીપંચે કરી મોટી કાર્યવાહી

## તેલંગણા સરકારના ૧૦૬ કર્મચારીઓને કર્યા સસ્પેન્ડઃ આ કર્મચારીઓએ કથિત રીતે બીઆરએસની બેઠકમાં ભાગ લીધો હતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચેની મોટી કાર્યવાહી કરી છે. વાત જાણે એમ છે કે, ચૂંટણી પંચે મંગળવારે એટલે કે ૯ એપ્રલે તેલંગાણા સરકારના ૧૦૬ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે. વિગતો મુજબ ચૂંટણી પંચે આ કર્મચારીઓ પર આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ કેસ નોંધ્યો છે. તેલંગાણાના આ સરકારી કર્મચારીઓએ કથિત રીતે BRS ની બેઠકમાં ભાગ લીધો હતો.

એક અહેવાલ મુજબ આ ૧૦૬ સરકારી કર્મચારીઓ કથિત રીતે તેલંગાણાના સિદ્ધીપેટ જિલ્લામાં ઇફ્તાર ની બેઠકમાં હાજર હતા. સત્તાવાર



સૂત્રોએ મંગળવારે જણાવ્યું કે ૭ એપ્રિલ, ૨૦૨૪ની રાત્રે તેલંગાણાના સિદ્દીપેટ જિલ્લામાં યોજાયેલી બેઠકમાં મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓ હાજર હતા.

ભાજપની ફરિયાદના આધારે ચૂંટણી અધિકારીઓની ફ્લાઈંગ સ્કવોડ સભા સ્થળે પહોંચી હતી. ફ્લાઈંગ સ્કવોડ ત્યાં પહોંચતા જ તેમને જોઈ ત્યાં હાજર ઘણા કર્મચારીઓ ત્યાંથી ભાગી ગયા હતા.

બાદમાં આ કર્મચારીઓની ઓળખ સીસીટીવી દ્વારા થઈ હતી. સિદ્ધિપેટ જિલ્લા મેજિસ્ટ્રેટ એમ મનુ ચૌધરીએ જેઓ જિલ્લા ચૂંટણી અધિકારી પણ છે તેમણે મોડી રાત્રે ૧૦૬ કર્મચારીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ જાહેર કર્યો.

# દેશના કરોડો પરિવારનું અર્થતંત્ર ડામાડોળઃ પારિવારિક દેવુ રેકોર્ડ સ્તરે

## રિઝર્વ બેન્કનો ચોંકવનારો રિપોર્ટઃભારતીયોની બચત ઘટી

**મુખ્ય સમાચાર, મુંબઈ**

વિશ્વના પાંચમા નંબરના અર્થતંત્ર તરીકે નામના મેળવનાર ભારતના કરોડો પરિવારના ઘરેલું અર્થતંત્ર નજોખમીથ સ્થિતિમાં છે. આ ચેતવણી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ આપી છે અને તેમાં જણાવ્યું છે કે ભારતીય પરિવારો તેની રોજિંદા વપરાશ ઉપરાંત અન્ય ઉપભોગની જરૂરિયાતો પુરી કરવા પણ હવે મોટાપાયે દેવું કરે છે જેના કારણે દેશના પરિવારોની નેટ-હાઉસહોલ્ડ બચત જેને ઘરેલું બચત તરીકે ઓળખવામાં આવે છે તે ઘટવા લાગી છે.

તેનાથી પરિવારની નાણાકીય સંતુલીત સ્થિતિ સામે જોખમ પણ સર્જાઈ શકે છે. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા છેલ્લા બે વર્ષથી દેશમાં બેન્કીંગ અને નોન બેન્કીંગ ચેનલ મારફત જે રીતે પર્સનલ લોનનું પ્રમાણ વધી રહ્યું છે તેના પર ચેતવણી આપવા સાથે આ પ્રકારના ધિરાણને નિયંત્રીત કરવાના પ્રયાસો કરે છે તેના મુળમાં આ અનસિકયોર્ડ ધિરાણ જેની સામે કોઈ મોર્ટગેજ નથી તે




ડૂબવાના એટલે કે એનપીએ થવાના વધતા દર પર મધ્યસ્થ બેન્કની ચિંતા દર્શાવે છે.

તો સાથોસાથ લોકોનું જીડીપીની દ્રષ્ટિએ નેટ-ફાઈનાન્સીયલ સેવિંગ્સ- લોકોની ચોખ્ખી બચત ૫% જેવી નીચી ગઈ હોવાથી પણ ચિંતીત છે. ઘરેલું કર્જ જીડીપીના ૪૦% જેટલું ઉંચુ ગયુ છે અને બચત ૫% નીચે ગઈ છે. પર્સનલ લોનમાં પર્સનલ લોનનું સૌથી વધુ પ્રમાણ છે.

ત્યારબાદ કૃષિ અને બિઝનેસ લોન આવે છે. ૨૦૨૨-૨૩માં ફિઝીકલ સેવિંગ્સ ૧૦ વર્ષના ટોપ પર પણ કુલ ઘરેલુ બચત જીડીપીના છ વર્ષના સૌથી નીચા ૧૮.૪% પર આવી ગયુ છે અને દેશની ગ્રોસ ડોમેસ્ટીક સેવિંગ્સ પણ જે ૨૦૧૩-૧૪માં ૩૧-૩૨% પર હતી તે હવે ૩૦.૨% પર આવી ગઈ છે. ૨૦૨૨/૨૩માં પરિવારોમાં વાર્ષિક ઉધારી દેવા જે જીડીપીના ૫.૮% થયુ છે જે અત્યાર સુધીની બીજી સૌથી ઉંચી સપાટી પર છે. રિઝર્વ બેન્કના આંકડા કહે છે કે ૨૦૨૩માં પરિવારની ચોખ્ખી બચત પાંચ દશકાના સૌથી નીચા- જીડીપીના ૫.૧% પર આવી છે જે ૨૦૨૨મા ૭.૨% હતી.

રિઝર્વ બેન્કે પર્સનલ લોનને મોંઘી બનાવી છતા પણ તેની ડિમાન્ડ યથાવત છે. સોનાના ભાવ વધતા તેની સામેનું ધિરાણ પણ વધ્યુ છે અને જે રીતે એસયુવીની રૂા.૧ કરોડના ફલેટ ખરીદાય છે તેમાં ધિરાણનું પ્રમાણ ૭૦% છે. સંપતિમાં ધિરાણ સ્વીકાર્ય બને પણ લકઝરી ખર્ચ માટે જે દેવા થાય છે તે લાંબાગાળે મુશ્કેલી સર્જી શકે છે.

# ભારત પાસે યોગ્ય જવાબ આપવાની ક્ષમતા છેઃ રાજનાથ સિંહે અરુણાચલ મુદ્દે ચીનને આપ્યો જવાબ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહે આજે (મંગળવાર) અરુણાચલ પ્રદેશમાં ઘણી જગ્યાઓના નામ બદલવા પર ચીનને આડેહાથ લીધું હતું. અરુણાચલ પ્રદેશ પૂર્વ મતવિસ્તારમાં નમસાઈમાં એક ચૂંટણી રેલીને સંબોધતા રાજનાથ સિંહે કહ્યું હતું કે, 'શું ભારતનું નામ બદલવાથી પાડોશી દેશના વિસ્તારો ભારતનો ભાગ બની જશે? ઉત્તરપૂર્વીય રાજ્યમાં ૩૦ સ્થળોના નામ બદલવાના ચીનના નિર્ણયથી જમીની હકીકત બદલાશે નહીં.'

ચાનને જવાબ આપતા રાજનાથ સિંહે કહ્યું હતું કે, 'અમે અમારા બધા પડોશીઓ સાથે સારા સંબંધો જાળવી રાખવા માગીએ છીએ. પરંતુ જો કોઈ અમારા સ્વાભિમાનને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરે છે, તો ભારત પાસે યોગ્ય જવાબ આપવાની ક્ષમતા છે.'

ચીનના નાગરિક બાબતોના મંત્રાલયે જંગનાનમાં પ્રમાણિત ભૌગોલિક નામોની ચોથી યોદી જાહેર કરી હતી. જેમાં ચીન



અરુણાચલ પ્રદેશને જંગનાન કહે છે અને દક્ષિણ તિબેટનો ભાગ હોવાનો દાવો કરે છે.આ ઉપરાંત અરુણાચલ પ્રદેશના ૩૦ સ્થળોને નવા નામ આપ્યા હતા, જે પહેલી મેથી લાગુ થશે. ભારતે ચીન દ્વારા અરુણાચલ પ્રદેશના કેટલાક સ્થળોના નામ બદલવાના નિર્ણયને મૂર્ખામીભર્યો ગણાવીને નકારી દીધી હતો અને કહ્યું હતું કે, 'આમ કરવાથી એ હકીકત બદલાશે નહીં કે અરુણાચલ હંમેશા ભારતનું જ રહેશે' અહેવાલો અનુસાર,

અગાઉ વર્ષ ૨૦૧૭માં પણ ચીને અરુણાચલ પ્રદેશમાં છ સ્થળો માટે પ્રમાણિત નામોની પ્રાથમિક યાદી જાહેર કરી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૧માં ૧૫ સ્થાનોના નામ ધરાવતી બીજી યાદી જાહેર કરી હતી. જો કે, ભારતે અરુણાચલ પ્રદેશના વિસ્તારો પર દાવો કરવાના ચીનના પ્રયાસને નકારી કાઢ્યો છે.

# આ વર્ષે ગુજરાતમાં સારો વરસાદ પડશેઃ સ્કાયમેટ અનુસાર દેશમાં સામાન્ય વરસાદ પડશે, અલ નીનોની અસર શરૂઆતમાં દેખાઈ શકે છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હવામાનની આગાહી કરતી એજન્સી સ્કાયમેટે મંગળવારે ચોમાસાની આગાહી જાહેર કરી હતી. સ્કાયમેટ અનુસાર, ૨૦૨૪માં ચોમાસું સામાન્ય રહેશે. એજન્સીએ ચોમાસાની સિઝન ૧૦૨% (૫% પ્લસ-માઈનસ માર્જિન) રહેવાની આગાહી કરી છે. સાથે જ દેશના દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમમાં સારા વરસાદની આગાહી કરવામાં આવી છે. એટલે કે દેશના પશ્ચિમ તટે આવેલા ગુજરાતમાં પણ સારા વરસાદની અપેક્ષા છે.

જૂનથી સપ્ટેમ્બર સુધી ચાલતી ૪ મહિનાની ચોમાસાની સિઝન માટે એવરેજ (LPA) ૮૬૮.૬ ળળ છે. સ્કાયમેટના મેનેજિંગ ડિરેક્ટર જતિન સિંહે કહ્યું કે શરૂઆતમાં અલ નીનોની



અસર જોવા મળશે, પરંતુ બીજા હાફમાં તેની ભરપાઈ થઈ જશે.

સ્કાયમેટે આ વર્ષે બીજી વખત ચોમાસાની આગાહી કરી છે. અગાઉ ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પણ સ્કાયમેટે ચોમાસું સામાન્ય રહેવાની સંભાવના વ્યક્ત કરી હતી.

સ્કાયમેટ અનુસાર, દેશના દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ વિસ્તારોમાં સારા વરસાદની અપેક્ષા છે. એટલે કે દેશના પશ્ચિમ તટે આવેલા ગુજરાતમાં પણ સારા વરસાદની અપેક્ષા છે. આ સિવાય મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં પણ પૂરતો વરસાદ થઈ શકે છે. બિહાર, ઝારખંડ, ઓરિસ્સા અને બંગાળમાં જુલાઈ અને ઓગસ્ટ દરમિયાન વરસાદમાં થોડો ઘટાડો નોંધાઈ શકે છે. જુલાઈ અને ઓગસ્ટ ચોમાસાનો સૌથી સક્રિય સમયગાળો છે. ઉત્તર-પૂર્વ ભારતમાં ચોમાસાની શરૂઆતની સિઝનમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની સંભાવના છે.


પ્રશાંત મહાસાગર (પેસિફિક ઓશન)માં બે ઘટના બને છે. અલ નીનો અને લા નીના. પ્રશાંત મહાસાગરની સપાટી જ્યારે ગરમ થાય છે ત્યારે એને અલ નીનો કહેવાય અને પ્રશાંત મહાસાગરની સપાટી ઠંડી પડે છે ત્યારે એ ઘટનાને લા નીના કહેવાય છે. સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર અને પૃથ્વીની ગોળ ફરવાની દિશાના આધારે પ્રશાંત મહાસાગરની સપાટીના તાપમાનમાં વધઘટ થયા કરે છે. પેસિફિક સમુદ્રની સપાટી ગરમ થાય ત્યારે અને ઠંડી થાય ત્યારે એની વિશ્વના તાપમાનમાં મોટી અસર થાય છે. અલ નીનો અને લા નીના એ સ્પેનિશ શબ્દો છે. અલ નીનોનો અર્થ થાય 'નાનો છોકરો' અને લા નીનાનો અર્થ થાય 'નાની છોકરી'. આ ઘટના સદીઓથી બને છે.

# ધોરાજી પાસે ટાયર ફાટતા કાર નદીમાં ખાબકીઃ ત્રણ મહિલા સહિત ચારના કરૂણ મોત

## માંડાસણ ગામે ધાર્મિક પ્રસંગ પતાવી ધોરાજીનો પરિવાર પરત ફરી રહ્યો હતો તે વેળાએ કરુણાંતિકા સર્જાઈ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાનાં ધોરાજી ખાતે ગમખ્વાર અકસ્માત થયો છે. ભાદર નદીના પુલ પાસે કારનું ટાયર ફાટતા કાર પુલની રેલિંગ તોડી ૬૦ ફૂટ નીચે નદીમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ત્રણ મહિલા સહિત ચાર વ્યક્તિઓનાં કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ દોડી ગઈ છે અને તરવૈયાઓની મદદ વડે તમામનાં મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે. બનાવને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ છે. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ જિલ્લાનાં ધોરાજી પાસે આવેલા ભાદર નદીના પુલ પરથી ઈ-૨૦ કાર પસાર થઈ રહી હતી. દરમિયાન અચાનક કારનું ટાયર ફાટતા આ કાર ભાદર નદીમાં ખાબકી હતી. ઘટનાને પગલે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. આ અંગેની જાણ કરવામાં આવતા પોલીસ અને ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર વિભાગની મદદથી કાર અને તેમાં સવાર લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, તમામનાં મૃતદેહ જ બહાર આવ્યા હતા. અકસ્માતમાં બે મહિલા, એક યુવતી અને એક પુરૂષ સહિત ચાર વ્યક્તિના મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા અનુસાર મૃતકના નામ ૫૫ વર્ષીય સંગીતાબેન કોયાણી, ૫૨ વર્ષીય લીલાવંતીબેન ઠુમ્મર, ૫૫ વર્ષીય દિનેશભાઈ ઠુમ્મર અને ૨૨ વર્ષીય હાર્દિકાબેન ઠુંમ્મર હોવાનું સામે આવ્યું છે. આ કાર માંડાસણથી ધોરાજી તરફ જઈ રહી હતી. ત્યારે જ કોઈ કારણોસર કાર ભાદર ડેમમાં પડી જતા અકસ્માત સર્જાયો હતો. મૃતકો ધોરાજીનાં જેતપુર રોડ નજીકના રહેવાસી હોવાનું તેમજ પ્રાથમિક તબક્કે કારનું ટાયર ફાટ્યું હોવાને કારણે અકસ્માત થયો હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માતને લઈને ધોરાજી સરકારી હોસ્પિટલમાં મૃતકનાં પરિવારજનો તથા સ્થાનિક ભાજપનાં અગ્રણીઓ તથા તુલસી ચેરીટેબલ ટ્રસ્ટનાં હોદ્દેદારો હોસ્પિટલે દોડી ગયા હતા. તેમજ ધોરાજી સરકારી હોસ્પિટલમાં લોકોનાં ટોળેટોળા ઉમટી પડ્યા હતા. આ ગોઝારા અકસ્માતને લઈ મૃતકોના પરિવારની સાથે સાથે સમગ્ર ધોરાજી પંથક અને આસપાસના ગામોમાં પણ શોકનો માહોલ છવાયો છે. હાલ પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી બાપા સીતારામ ચોક ખાતે પાટીદાર સમાજની મહાસંમેલન યોજાયું

**મુખ્ય સમાચાર, મોરબી**




કાજલ હિન્દુસ્તાની ના મોરબીની પાટીદાર દીકરી મુદ્દે અપાયેલ નિવેદન ના વિરોધ ની આગ વધુ ને વધુ વકરતી જાય છે ત્યારે આ મામલે મોરબીના બાપા સીતારામ ચોકમાં પાટીદાર મહાસંમેલન યોજાયુ હતું જેમાં હજારો ની સંખ્યામાં પાટીદારો એકઠા થયા હતા અને કાજલ હિન્દુસ્તાની સામે લડી લેવા માટે એક સૂરે અવાજ ઉઠાવ્યો હતો.

કાજલ હિન્દુસ્તાની ના નિવેદન ને લઈને પાટીદાર સમાજમાં રોષ સાતમા આસમાને જોવા મળી રહ્યો છે.પાટીદાર સમાજ દ્વારા કાજલ હિન્દુસ્તાની માફી માંગે એવી માંગ કરવામાં આવી છે છતાં પણ કાજલ હિન્દુસ્તાની માફી ન માંગતા પાટીદાર સમાજ લડી લેવાના મૂડમાં જોવા મળી રહ્યો છે.પાટીદાર અગ્રણી દ્વારા અગાઉ પોલીસમાં અને મોરબી કોર્ટમાં પણ બદનક્ષી ની અરજી પણ કરવામાં આવી છે.ત્યારે આગામી સમયમાં પણ હજી બદનક્ષી અંગે દાવાઓ કરવામાં આવશે તેમ પાટીદાર અગ્રણીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ મહાસંમેલન માં પાટીદાર અગ્રણી ટી. ડી પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આજે કાજલ હિન્દુસ્તાની નું નવું નામ કાફર પાકિસ્તાની નામ આપી છીએ.તેમજ પાટીદાર ના સ્ટેજ પર ક્યારેય આ પગ નહિ મૂકી શકે...મોરબીના પાટિદાર સમાજ દ્વારા ઉમિયાના સોગંદ....ખાઈને જાહેર કરી છીએ...બીજા ના સ્ટેજ પર બીજાના પૈસે સ્ટેજ પર મુજરા કરનારી આ કાફર પાકિસ્તાની મોરબીમાં સભા કરી બતાવે...તેવી ચીમકી પાટીદાર આગેવાન ટી ડી પટેલ દ્વારા સ્ટેજ પરથી ઉચ્ચારવામાં આવી હતી.તેમજ રિલ્સ ની કમાણી કાજલ ખાય છે અમે મહેનતથી કમાઈ ને ખાઈ છીએ તેમજ કાજલ હિન્દુસ્તાની એ વાયરલ વીડિયોમાં જણાવ્યું હતું કે દીકરીઓ ની માતાઓ રીલ્સ બનાવવામાં વ્યસ્ત હોય છે પરંતુ કાજલ હિન્દુસ્તાની ને રોજ રિલસ મૂકવી પડે છે.અને કાજલ હિન્દુસ્તાની માફી માફી માંગે તો ચૂંટણી બાદ પણ વિરોધ યથાવત રહેશે.

# જામનગરમાં પોલીસ તથા આર્મી લખેલી પ્લેટ લગાવી ખોટી ઓળખ ઉભી કરનાર કાર ચાલકની ધરપકડ

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર શહેરમાં સાત રસ્તા સર્કલ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગમાં હતી. જે દરમિયાન ખંભાળિયાનો એક કાર ચાલક પોતાની કારના ડેસ્ક બોર્ડ પર પોતે કોઈપણ પ્રકારનો પોલીસ અથવા આર્મીનો રાજ્ય સેવક ન હોવા છતાં તેની ખોટી ઓળખ ઉભી કરી ડેસ્કબોર્ડ પર પોલીસ અને આર્મી લખે સૂત્ર લગાવીને નીકળતાં પોલીસે તેની અટકાયત કરી છે. જ્યારે તેની સામે રાજય સેવકની ખોટી ઓળખ ઉભી કરવા અંગે ગુનો નોંધવામાં આવ્યો છે.જામનગરની ટ્રાફિક શાખાના પી. આઈ. એમ.બી. ગજ્જર તથા પી.એસ.આઈ.બી. જે. તીરકર તથા ટ્રાફિક શાખાના અન્ય સ્ટાફ દ્વારા સાત રસ્તા નજીક પેટ્રોલિંગમાં હતા. જે દરમિયાન સર્કલ પાસે પુલના નીચેના ભાગે એક શકાસ્પદ ઈસમ કાળા કાચ વાળી બ્લેક કલરની કારમાં આગળના ડેસ્કબોર્ડ ના ભાગ પર પોલીસ લખેલું બોર્ડ મૂકેલું હોય, જે અંગે પૂછપરછ કરતાં પોતે પોલીસ અથવા કોઈ રાજ્ય સેવક ન હોવા છતાં પોલીસ તરીકેની ખોટી ઓળખ ઊભી કરી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. આથી પોલીસે કાર ચાલકને અટકાયતમાં લીધો હતો, અને તેનું નામ પૂછતાં તેણે પોતાનું નામ સિધ્ધરાજસિંહ જગતસિંહ ચાવડા અને ખંભાળિયામાં યોગેશ્વરનગર વિસ્તારમાં રહેતો હોવાનું જણાવ્યું હતું. પોલીસ દ્વારા ઉપરોક્ત કાર કબજે કરી લેવામાં આવી છે, અને તેની સામે જામનગરના સીટી સી ડિવિઝનપોલીસ સ્ટેશનમાં ટ્રાફિક શાખાના પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રતિપાલસિંહ સોઢાએ ફરિયાદ નોંધાવી હતી

# જામનગરના ઉધોગનગરમાં ભંગારના વાડામાં આગથી દોડધામ મચી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ઉધોગનગરમાં ભંગારના વાડામાં આગથી દોડધામ મચી ગઇ હતી. આગનું કારણ અકબંધ રહ્યું છે. બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. જામનગરના એમ.પી.શાહ ઉદ્યોગનગર વિસ્તારમાં આવેલા યોગેન્દ્રભાઈ દોશી આસામીના પ્લોટ નં.સી-૨૧ સ્થિત ભંગારના વાડામાં મંગળવારે સવારે સાતેક વાગ્યે કોઈ રીતે આગ ભભૂકી ઉઠી હતી. આગ લાગ્યાની જાણ થતાં ફાયરબ્રિગેડનો કાફલો ધસી ગયો હતો અને એક ગાડી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. ભંગારના વાડામાં આગા કયાં કારણોસર લાગી તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમા ફ્લેટમાં દીવો પ્રગટાવતા સમયે આગ લાગતાં ભારે અફડાતફરી

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના રણજીત નગર પટેલ સમાજ ની સામેના ભાગમાં આવેલા હાઉસિંગ બોર્ડના મકાનમાં અકસ્માતે આગ લાગી હતી. બનાવવા ની જાણ થતાં જ ફાયર બ્રિગેડ નો કાફલો તાત્કાલિક દોડી ગયો હતો અને ફ્લેટમાં રહેતા વૃદ્ધા ને સહી સલામત બહાર કાઢી લેતાં તેનો જીવ બચી ગયો હતો. ત્યાર બાદ ફાયરની ટીમે પાણી નો મારો ચલાવી આગ ને કાબુમાં લીધી હતી. આગ ના આ બનાવવા માં ઘરવખરીનો કેટલાક સામાન સળગી ગયો હતો.જામનગર માં પટેલ સમાજ પાસે આવેલા હાઉસિંગ બોર્ડના મકાન માં બ્લોક નંબર બી. ફ્લેટ નંબર-૧૬૨ માં અકસ્માતે આગ લાગી હતી.અને ગાડલનો ભાગ સળગવાથી ધુમાડા ના ગોટા જોવા મળ્યા હતા.આ બનાવ અંગે દર્શનભાઈ પાલા એ ફાયર બ્રિગેડ ને જાણ કરતાં ફાયર બ્રિગેડ શાખાના હાર્દિકસિંહ ભારત જેઠવા, અશ્વિન રાઠોડ, સંજય દેથળીયા, સહિત નો કાફલો દોડી ગયો હતો.અને ફ્લેટમાં રહેતા સાવિત્રીબેન પાલા નામના વૃદ્ધા કે જેઓ ગાદલા પર દિવા રાખીને પેટાવતા હતા, અને આગ લાગવાથી ધુમાડાના ગોટાની વચ્ચે ફસાયા હતા.જેથી ફાયર બ્રિગેડના સ્ટાફે તેમને સહી સલામતી રીતે બહાર કાઢી લીધા હતા. જેથી તેઓનો બચાવ થયો હતો. ત્યારબાદ પાણીનો મારો ચલાવી આગ ને કાબુમાં લીધી હતી પરંતુ તે પહેલા આગ માં ઘરવખરીનો કેટલો માલ સામાન સળગી ગયો હતો.

# જામનગર એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ ખાતે વર્લ્ડ હેલ્થ ડે ક્વિઝનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

વર્લ્ડ હેલ્થ ડે ૨૦૨૪ ના ઉપક્રમે સમગ્ર ભારતમાં IAPSM દ્વારા ક્વિઝના કાર્યક્રમ યોજવા અંગે સૂચન કરવામાં આવેલ.જેના ભાગરૂપે એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ જામનગર ખાતે કોમ્યુનિટી મેડિસિન વિભાગ દ્વારા તબીબી વિદ્યાર્થીઓમાં સંલગ્ન વિષય અંગેનું જ્ઞાન અને સમજ વધે તે હેતુથી વર્લ્ડ હેલ્થ ડે ક્વિઝ ૨૦૨૪ નું આયોજન કરવામાં આવેલ હતુ.આ ક્વિઝના અંતે વિજેતા અને રનર્સ અપ ટીમને સર્ટિફિકેટ અને ટ્રોફી આપી સન્માનીત કરવામાં આવેલ સાથે આ સમગ્ર કાર્યક્રમમાં સિનિયર રેસિડેન્ટ અને રેસિડેન્ટ ડોક્ટરો પણ જોડાયા હતા. કાર્યક્રમમાં સન્માનીત વિજેતા ટીમમાં છેલ્લા વર્ષના તબીબી વિદ્યાર્થીઓ યુતી જોબનપુત્રા, દિવ્યરાજ જાડેજા, અને જેનીશ પીઠિયા રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મેડિકલ કોલેજના ડીન ડો.નંદિની દેસાઇ, વિભાગના વડા ડો. દિપેશ પરમાર તેમજ સમગ્ર ફેકલ્ટીગણ ઉપસ્થિત રહેલ સાથે સમગ્ર ક્વિઝનું સંચાલન ડો.નવનીત પઢિયાર દ્વારા કરવામાં આવેલ.

# વકીલ હત્યા કેસમાં વધુ એક આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બેડી વિસ્તારમાં જાણીતા ધારાશાસ્ત્રીની હત્યા પ્રકરણમાં પોલીસે ૧૫ શખસો સામે ગુનો નોંધ્યો હતો જેમાં વધુ એક આરોપીને પોલીસે પકડી પાડયો છે જેના રીમાન્ડની તજવિજ હાથ ધરાઇ છે.આ હત્યા પ્રકરણમાં ઘરપકડનો આંક ૧૧ પર પહોચ્યો છે જયારે ચાર આરોપીની શોધખોળ સાથે પોલીસે તપાસ આગળ ધપાવી છે.પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામનગરના બેડી વિસ્તારમાં ચાલુ રમઝાન માસના પ્રારંભિક તબકકે જાણીતા વકીલ હારૂનભાઇ પલેજાની હત્યા નિપજાવવામાં આવી હતી જે હત્યાના બનાવમાં મૃતકના ભત્રીજાની ફરીયાદ પરથી પોલીસે નામચીન સાયચા બંધુ સહિત ૧૫ શખસો સામે ગુનો નોંધ્યો હતો.પોલીસે આ હત્યા પ્રકરણની તપાસ માટે સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમની પણ રચના કરી છે.આ હત્યા પ્રકરણમાં પોલીસે વધુ એક આરોપી મહેબુબ જુસબ સાઇચાની ધરપકડ કરી છે.આથી હત્યા પ્રકરણમાં ધરપકડનો આંક ૧૧ પર પહોચ્યો છે. જયારે હજુ ચાર આરોપી



પોલીસ પકડથી દુર હોવાથી તેની શોધખોળ સાથે પોલીસે તપાસનો દૌર આગળ ધપાવ્યો છે.

# જેતપુરમાં ચોકીદારની હત્યા કરી લૂંટ ચલાવનાર હત્યારો ૨૬ વર્ષે ઝડપાયો

**મુખ્ય સમાચાર, સુરત**

રાજકોટના જેતપુરમાં વોચમેનના હાથ-પગ બાંધી પથ્થરથી માથું છૂંદી ક્રૂર હત્યાના ચકચારી બનાવમાં ૨૬ વર્ષથી વોન્ટેડ યુપીના ખૂંખાર દદુઆ ડાકુના સાગરીતને સુરત પીસીબીની ટીમે જીવના જોખમે ચિત્રકૂટમાં ધામા નાંખી મધરાત્રે ઊંઘમાં જ દબોચી લીધો છે.

મળતી વિગતો પ્રમાણે પીસીબીની ટીમ પીઆઇ રાજેશ સુવેરાના માર્ગદર્શન હેઠળ વોન્ટેડ આરોપીઓને સકંજામાં લેવા વર્કઆઉટ કરી રહી હતી. દરમિયાન પોલીસ કર્મીઓ સહદેવ વરવાભાઈ અને અશોક લુણીને બાતમી મળી હતી કે, રાજકોટના જેતપુરમાં ૨૬ વર્ષ પહેલાની ચકચારી લૂંટ વિથ મર્ડરના ગુનાનો આરોપી મીતલેશ ઉર્ફે ઉત્તમકુમાર ગયાપ્રસાદ પટેલ (ઉં.વ. ૫૦, રહે. દાઉ કા ડેરા, ચિત્રકૂટ, યુપી) ચિત્રકૂટ વિસ્તારમાં રહે છે. પીસીબીની ટીમે ચિત્રકૂટમાં ધામા નાંખ્યા હતા. અહીં ચાર-પાંચ દિવસ રોકાતા એવું માલૂમ પડડ્યું હતું કે, આરોપી ઉત્તમ કુખ્યાત દદુઆ ડાકુના વિસ્તારમાં રહે છે અને તે પોતે દદુઆનો સાગરીત કહો કે કૌટુંબિક સભ્ય પણ છે. જેથી પોલીસ કર્મીઓએ જીવના જોખમે અહીં ફિલ્ડિંગ ભરી મધરાત્રે જ ઓપરેશન કર્યુ હતું. ચિત્રકૂટના અંતરિયાળ ડુંગરાળ વિસ્તારની વાડીમાં સૂતેલા ઉત્તમને પોલીસે ઊંઘમાં જ દબોચી લીધો હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે ૧૯૯૯માં રાજકોટના જેતપુરમાં ટાઇલ્સના કારખાનામાં કામ કરતી વેળા અન્ય ચારેક મજૂરો સાથે મળી શેઠના કારખાનામાં ચોરી કરવા ગયા હતા.

# હળવદના સુરવદર ગામે વર્ષ ૨૦૧૮માં થયેલ ખુન-કેસના આરોપીને ૧૦ વર્ષ કેદની સજા

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદના સુરવદર ગામે વર્ષ ૨૦૧૮માં દીકરીની છેડતી કરનાર યુવકને ઠપકો આપતા યુવાનના પિતા અને ભાઈ દ્વારા યુવતીના પિતા ઉપર છરી તથા ધોકા વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવારમાં યુવતીના પિતાનું મોત નિપજતા સમગ્ર બનાવ હત્યામાં પલટાયો હતો, જે કેસ મોરબી સેસન્સ કોર્ટમાં ચાલી જતા હત્યાના આરોપી એકને ૧૦ વર્ષની સખ્ત કેદ તથા રૂ.૧લાખના દંડની સજા ફટકારવામાં આવી હતી જયારે બીજા આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા આદેશ કરાયો હતો.



સમગ્ર કેસની ટૂંક વિગત અનુસાર હળવદ તાલુકાના સુરવદર ગામે રહેતા અશોકભાઈ ત્રિભોવનભાઈ સુરાણીની દીકરીની આરોપી મનસુખ તખુભાઈ દેસાઈના પુત્ર અંકિતે છેડતી કરી હોય જે બાબતે અશોકભાઈએ અંકિતને ઠપકો આપતા તેના પિતા મનસુખ તખુભાઈ દેસાઈ અને તેના ભાઈ જતીન મનસુખ દેસાઈએ એક સંપ કરી અશોકભાઈને ગામના ઝાંપા પાસે રોકી આરોપી મનસુખે છરી વડે તથા આરોપી જતિને લાકડાના ધોકા વડે અશોકભાઈ ઉપર હુમલો કરતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત અશોકભાઈને મોરબી ખાનગી હોસ્પિટલમાં સારવારમાં લાવતા જ્યાં અશોકભાઈનું ટૂંકી સારવારમાં મોત નિપજતા સમગ્ર બનાવ હત્યામાં પલટાયો હતો, જે ઘટના બાબતે વર્ષ ૨૦૧૮માં હળવદ પોલીસ મથકમાં મૃતકના કુટુંબી ભાઈ દ્વારા બંને આરોપી પિતા-પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપીઓને જેલ હવાલે કર્યા હતા.

ઉપરોકત કેસ મોરબી બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ. બુદ્ધ સાહેબની કોર્ટમાં ચાલી જતા ૧૦ મૌખિક અને ૨૯ દસ્તાવેજી પુરાવા અને મદદનીશ સરકારી વકીલ સંજયભાઈ સી.દવેની ધારદાર દલીલો ધ્યાને લઇ આરોપી મનસુખ દેસાઈને દસ વર્ષની કેદ તેમજ રૂ.૧ લાખનો દંડ ની સજા ફટકારી હતી જયારે આ હત્યા કેસના બીજા આરોપી જતીન દેસાઇને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરતો આદેશ જારી કરાયો હતો.

# જામનગર જિલ્લામાં દિવ્યાંગ મતદાર જાગૃતિ અંતર્ગત દિવ્યાંગ સ્વાભિમાન સમર્પણ ચિંતન શિબીર યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર,દેશભરમાં યોજાનાર લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે જિલ્લાના નાગરિકોને મતદાન માટે જાગૃત કરવા માટે જિલ્લાના ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.ત્યારે જિલ્લાના દિવ્યાંગ મતદારો પોતાના મતાધિકારનો ઉત્સાહભેર ઉપયોગ કરી ૧૦૦ટ્ઠ મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં ઉત્સાહભેર સહભાગી કરવા-દિવ્યાંગ મતદાર જાગૃતિ અંતર્ગત આશાદીપ વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટ દિવ્યાંગ સ્વાભિમાન સમર્પણ ચિંતન શિબીર:૨૦૨૪નું આયોજન જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર બી. કે. પંડ્યાના સૂચન અને જિલ્લા શિક્ષણાધિકારી અને જટઊઊડ, નોડલ ઓફીસર બી.એન.વીડજા ના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું.જામનગર જિલ્લામાં વધુમાં વધુ દિવ્યાંગ મતદારોનું મતદાન થાય તે માટે અસ્થિવિષક, અંધજન, શ્રવણમંદ, મનોદિવ્યાંગ સહિતની કેટેગરીના મતદારો પોતાના મતાધિકારનો સરળતાથી ઉપયોગ કરી દિવ્યાંગ મતદારોને લોકશાહીના મહાપર્વમાં જોડવા અંગેની ગાઈડલાઈનથી માહિતગાર કરવા, ૧૦૦% મતદાન કરવા શપથ લેવડાવવા, સંકલ્પ પત્ર ભરવા સહિતનો દિવ્યાંગ મતદાન માટે દિવ્યાંગ મતદાર જાગૃતિ કાર્યક્રમ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના એજયુકેશન ઈન્સ્પેકટર અને જટઊઊડ આસીસ્ટન્ટ નોડલ ઓફીસર સી.એમ.મહેતાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.આ કાર્યક્રમમાં કેન્દ્રીય ચૂંટણી પંચ ની દિવ્યાંગ મતદારો સબંધી ગઈડલાઈન સહિતની વિગતો તેમજ સક્ષમ એપ. ડાઉનલોડ કરવા,દિવ્યાંગ મતદાન જાગૃતિ માટે દિવ્યાંગ મતદારોનો ઉત્સાહ વધારવા, ખાસ વિસ્તુત માહિતીસભર પ્રવચન આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં મહર્ષિ અષ્ટાવક વિવિધલક્ષીવિકલાંગ સ્વરોજગાર સહકારી મંડળી લી. જામનગરના પ્રમુખ અને દિવ્યાંગ કાર્યકર કિરણસિંહ સોલંકી, અતિથિ વિશેષ પદે દિવ્યાંગ મહિલા અધિકારી સમિતીના પ્રમુખ પ્રફુલ્લાબેન મંગે, મનોદિવ્યાંગના વાલી પ્રતિનિધી પુષ્પાબેન વોરા, અંધજન પ્રતિનિધી પ્રેમજીભાઈ વાઘેલા, શ્રવણમંદના પતિનિધી ગોદાવરીબેન કટારમલ સહિતના બહોળી સંખ્યામાં દિવ્યાંગભાઈઓ, બહેનો, વાલીશ્રીઓ ઉત્સાહભેર ખાસ ઉપસ્થિત રહી ઉત્સાહભેર સહભાગી થયા હતા.

# જામનગરમાં જિલ્લા પોલીસ તંત્ર દ્વારા આગામી લોકસભા ચુંટણીને અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા આગામી સમયમાં લોકસભા ચુંટણી અન્વયે સમગ્ર જામનગર જિલ્લામાં કાયદો વ્યવસ્થા તેમજ શાંતિની પરિસ્થિતિ જળવાઈ રહે તેના અનુસંધાને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. તેમજ નાગરિકો અને સમાજમાં સૌહાર્દ બની રહે તે માટે જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

# મોરબીના જીલ્લાના બે કલાકારોને અતુલ્ય વારસો એવોર્ડથી સન્માનિત કરાયા



**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી :** હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રીસર્ચ સેન્ટર (અતુલ્ય વારસો) એ વર્ષ ૨૦૦૮થી ગુજરાતમાં હેરિટેજ અને કલા સંસ્કૃતિ ઉજાગર થાય એ માટે કાર્યરત છે. જેના દ્વારા વિક્રમસિંહ જાડેજા (પાઘડી કલા) અને લોકસાહિત્યકાર અશ્વિનભાઇ બરાસરાને (લોકસાહિત્ય) પોતાની ઉમદા કામગીરી અને તેના જતન માટે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રીસર્ચ સેન્ટર દ્વારા અતુલ્ય-વારસો આઈડેન્ટીટી એવોર્ડ : ૨૦૨૩-૨૪ જાહેર કરવામાં આવ્યો હતો જે અંતર્ગત ૧) ઈતિહાસ અને પુરાતત્ત્વ, કલા અને સંસ્કૃતિ, ૨) પર્યાવરણ અને જળ સરંક્ષણ, ૩) પ્રદર્શિત કરી શકાય તેવી કલાઓ (ચિત્ર, સંગીત, રંગોળી, હસ્તકલા વગેરે), ૪) લેખન અને પ્રકાશન, ૫) હેરીટેજ પ્રવાસન આ પાંચ ક્ષેત્રમાં સારી કામગીરી, ફરજ નિભાવી રહેલ વ્યક્તિ, સંસ્થા, સમુદાયને સન્માનિત કરવામાં આવે છે. આ એવોર્ડ વિતરણ કાર્યક્રમ આજે ૦૭ એપ્રિલએ ગાંધીનગર સેક્ટર ૧૨ માં ડો. આંબેડકર ભવન મુકામે ઉપરોક્ત વિષયનાં જ તજજ્ઞો દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો આ પ્રયાસ રાજ્યસ્તરે નાના મોટા સ્થળોએ રહી આપણી ધરોહરને ઉજાગર કરતા સૌ લોકોને એક મંચ પર જોડાવાનો છે અને સૌ સાથે મળી રાજ્યહિતમાટે આગામી સમયમાં ઉમદા કાર્ય કરી શકીએ એવો છે. ત્યારે આ એવોડ મોરબી જીલ્લાના બે કલાકારો વિક્રમસિંહ જાડેજા (પાઘડી કલા ) અને લોકસાહિત્યકાર અશ્વિનભાઇ બરાસરા ને (લોકસાહિત્ય ) ક્ષેત્રે પોતાની ઉમદા કામગીરી અને તેના જતન માટે એનાયત કરાયો હતો.

આ કાર્યક્રમમાં પી.કે.લહેરી - પૂર્વ મુખ્ય સચિવ, સંગીત નાટ્ય અકાદમી દિલ્હી ના વાઇસ ચેરમેન પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ, અધિક કલેકટર પ્રદીપસિંહ રાઠોડ, આંબેડકર યુનિ. વાઈસ ચાન્સેલર અમિબેન ઉપાધ્યાય, જાણીતા કલાકાર મકરંદ શુકલા, ઇતિહાસવિદ્ ડો. વિશાલ જોશી, કલાતીર્થનાં અધ્યક્ષ રમણિકભાઈ ઝાપડિયા, જાણીતા સામાજીક કાર્યકર્તા મિત્તલબેન પટેલ સહીતના મહાનુભાવોના હસ્તે એનાયત કરાયા હતા ગુજરાતભરમાંથી ૨૦૦થી વધુ કલાસાધકો જોડાયા હતા અને ૧૩૧ કલાકરોને આ એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. એવું સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટી કપિલ ઠાકરએ જણાવ્યું હતું.

# મોરબીમાં ડો.ભીમરાવ આંબેડકરની ૧૩૩મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરાશે

**મુખ્ય સમાચાર, મોરબી**




આગામી ૧૪મી એપ્રિલ ૨૦૨૪ને રવિવારના રોજ સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા પ્રધાન તેમજ આધુનિક ભારતના સંવિધાનના રચયિતા એવા ભારતરત્ન બાબા સાહેબ ડો.ભીમરાવ આંબેડકરજીની ૧૩૩મી જન્મજયંતિના ઉપલક્ષે મોરબી જિલ્લા અનુ.જાતિ સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા નું આયોજન કરવામાં આવેલ છે. જેનો રૂટ રેલ્વે સ્ટેશન રોડથી ત્રિકોણબાગ ત્યાંથી નેહરુંગેટ થઈને બાબા સાહેબની પ્રતિમા (મોરબી નગર પાલિકા) સુધીનો રહેશે. આ પ્રસંગે મહામાનવ એવા ડો.બાબા સાહેબ આંબેડકરજીને પુષ્પાંજલિ અર્પણ કરવા તેમજ આ ભવ્ય શોભાયાત્રામાં જોડાવવા મોરબી જિલ્લા અનુ.જાતિ સમાજ, જિલ્લાના તમામ સમાજના ભાઈઓ, બહેનો અને વડીલોને આહવાન કરવામાં આવ્યું છે.

# ૧૨૦ કરોડના ખર્ચે બનેલી ઝનાના હોસ્પિટલમાં પાણી ટપકવા મુદ્દે પીઆઈયુને નોટીસ ફટકારાઈ

## વિવાદોમાં સપડાયેલી ઝનાના હોસ્પિટલના કામોમાં ભ્રષ્ટાચારની બુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**


ઝનાના હોસ્પિટલના ઓપરેશન થિયેટરમાં પાણી ટપકતું હોવાના પગલે લોલમલોલ ચલાવતા અધિકારીઓમાં ફફડાટ ફેલાયો છે. ૧૦ દિવસ પહેલા પણ આવી સ્થિતિ થયેલી, પણ તે અંગે વાત બહાર પડી નહોતી. આ તરફ સવાલો ઉઠવા લાગ્યા છે કે પાઈપ ફિટિંગમાં કાચું કપાયું કે પછી બાંધકામ નબળું છે? જનતાની તિજોરીમાંથી કરોડો ખર્ચાયા છે તેથી સમસ્યાના મૂળ સુધી જવાની જરૂર છે.

ગત તા.૨૫ ફેબ્રુઆરીએ ૧૧ માળની અત્યાધુનિક ઝનાના હોસ્પિટલનું લોકાર્પણ થયું. આ સાથે જ નવા બિલ્ડીંગમાં દર્દીઓને શિફ્ટ કરી દેવાયા હતા. અહીં મહિલાઓ અને બાળકોની સારવાર થાય છે.

અહીં ઝનાના હોસ્પિટલના પાંચમા માળે પીપી ઓપરેશન થિયેટર આવેલ છે. આ ઓપરેશન થિયેટરની છતમાંથી પાણી ટપકવા લાગતા અહીં કરાતી કામગીરી અન્ય ઓપરેશન થિયેટરમાં ફેરવવાની ફરજ પડી હતી. વધુ ટપકતું અટક્યું હતું અને ફરી એક વખત દર્દીઓ માટે આ ઓપરેશન થિયેટર કાર્યરત થયું છે. સૂત્રો પાસેથી વિગત મળી હતી કે, ઓપરેશન થિયેટરમાં પાણી ટપકવાની આ સમસ્યા પ્રથમ વખત નથી બની. આવું બીજી વખત થયું છે. ૧૦ દિવસ પહેલા પણ છતમાં પીઓપી માંથી પાણી ટપકી ઓપરેશન થિયેટરમાં આવ્યું હતું. ત્યારે જેમતેમ રીપેરીંગ કરી નખાયેલું. પછી ફરી આ ઘટના બની છે. તેઓ દ્વારા પીઆઇયુને નોટિસ ફટકારવામાં આવી છે. નવું બિલ્ડીંગ હોવા છતાં આ પાણી ટપકવાની સમસ્યા શા કારણે સર્જાઈ છે તેનો જવાબ માંગવામાં આવ્યો છે. આ અંગે તપાસ બાદ પીઆઈયુનો જવાબ મળ્યા પછી પાણી ટપકવા પાછળનું કારણ જાણવા મળશે. ૪ પ્રમાણમાં પાણી ટપકતા ઓપરેશન થિયેટર પાણી પાણી થઈ ગયું હતું. ઝનાના હોસ્પિટલના સ્ટાફે પાણી સાફ કરવાનું શરૂ કર્યું હતું. તત્કાલ રીપેરીંગ કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# યુનિવર્સિટી નજીક સંજય વાટીકામાં તસ્કરોના પરોણાઃ રૂા.૧૩.૨૫ લાખની મતાની ચોરી

## પુત્રની સગાઈ માટે પરિવાર પોરબંદર ગયા બાદ તસ્કરો ત્રાટકયાઃ ડોગ સ્કવોડ, એફએસએલ અધિકારી દ્વારા તપાસ શરૂ કરાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી સંજય વાટીકા સોસાયટીમાં રહેતાં એક પરિવારના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રોકડ-દાગીના મળી રૂા. ૧૩,૨૫,૦૦૦ની માલમત્તા ઉસેડી ગયા છે. એક બુકાનીધારી સહિત બે તસ્કર વંડી ટપી બહાર નીકળતાં દેખાયા હોઇ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નજીક આવેલી સંજય વાટીકા સોસાયટી-૭ મહાદેવ હાઉસ બ્લોક નં. ૮૫માં ચોરીનો બનાવ બન્યાની જાણ થતાં પીઆઇ એન. આઇ. રાઠોડ, પીઆઇ સી. એચ. જાદવ, પીએસઆઇ બી. આર. ભરવાડ અને રાજેશભાઇ મિયાત્રા તેમજ ડી. સ્ટાફ, એલસીબી ઝોન-૨ ટીમના પીએસઆઇ આર. એચ. ઝાલા, ક્રાઇમ બ્રાંચનો કાફલો દોડી ગયો હતો. પોલીસે આ બનાવમાં શિતલબેન મનોજભાઇ સાણેથરા (ઉ.વ.૪૬)ની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો.

શિતલબેન સાણેથરાએ જણાવ્યું હતું કે તા. ૮/૪/૨૪ના સવારે હું ઘરેથી સાતેક વાગ્યે મારા પતિ તથા પુત્ર શુભમ સાથે દિકરા શુભમ્ની સગાઇ કરવા પોરબંદર ગયા હતાં. અમારે ઘરે બીજુ કોઇ ન હોઇ જેથી તાળા મારીને ગયા હતાં. તા. ૯ના રોજ સગાઇ હોવાથી અમે પોરબંદર જેઠ દિનેશભાઇ બાબુભાઇ સાણથરાને ત્યાં રોકાયા હતાં. સગાઇ પ્રસંગ પુરો કરી નવમીએ રાતે હું અને પતિ મનોજભાઇ રાતે સાડા દસેક વાગ્યે રાજકોટ ઘરે પરત આવ્યા હતાં.

મારા પતિ રસોડામાં પાણી પીવા માટે ગયા ત્યારે રસોડાની ડાબી બાજુનો બેડરૂમ ખુલ્લો હતો. અમે તેને લોક કરીને ગયા હોઇ શંકા ઉપજતાં અંદર તપાસ કરતાં કબાટનું તાળુ તુટેલુ દેખાયુ હતું અને સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. બાદમાં અમે ઉપરના બે રૂમમાં જતાં ત્યાં પણ તાળા તૂટેલા હતાં. લાકડાના કબાટનો દરવાજો તૂટેલો હતો. તેમાં ચેક કરતાં ડ્રોઅરના લોક પણ તૂટેલા જણાયા હતાં. જેમાંથી સોનાનના દાગીના જેમાં ૪ તોલાના હાર, ૩ તોલાની બંગડીઓ, હાથનો પોચો ૪ તોલાનો, ૧ તોલાનો માથાનો ટીકો, સોનાના સાંકળા પાંચ તોલાના, સોનાની લક્કી બે તોલાની, સોનાનુ હાથનુ કડુ તેમજ રોકડા ૬૦ હજાર ગાયબ હતાં.

બીજા કબાટમાં ચેક કરતાં તેમાંથી પણ રોકડા ૨૫ હજાર ગાયબ હતાં. તસ્કરોએ તા. ૯ના મંગળવારે સવારે સાતથી રાતના સાડા દસ સુધીમાં કોઇપણ સમયે ઘરની દિવાલ કુદી બાલ્કનીની શટર ખોલી રૂમમાં પ્રવેશી મેઇન રૂમનું તાળુ તોડી કબાટોના તાળા તોડી સોનાના દાગીના કુલ ૩૧ તોલા રૂા. ૧૨,૪૦,૦૦૦ના તથા રોકડા ૮૫ હજાર મળી કુલ રૂા. ૧૩,૨૫,૦૦૦ની માલમત્તા ચોરી ગયાની જાણ થતાં અમે પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં શીતલબેન મનોજભાઇ સાણથરાએ જણાવ્યું હતું.

પોલીસે તપાસ કરતાં એક બુકાનીધારી સહિત બે તસ્કર વંડી ટપી બહાર નીકળતાં જોવા મળ્યા હોઇ તેના આધારે તપાસનો ધમધમાટ શરૂ થયો છે. શિતલબેનના પતિ દુબઇ નોકરી કરતાં હોઇ તેઓ સમયાંતરે રાજકોટ આવ જા કરતાં રહે છે. એક તરફ દિકરાની સગાઇનો પ્રસંગ હતો અને બીજી તરફ ઘરમાંથી ચોર લાખોની માલમત્તા ચોરી જતાં પરિવારની ખુશીની ક્ષણો ચિંતામાં પરિવર્તીત થઇ ગઇ હતી.

# સંત કબીર રોડ પર ભગીરથ સોસાયટીનો નામચીન બુટલેગર પ્રતીક ચંદારાણા ઝડપાયો




**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે સંત કબીર રોડ પર આવેલા ભગીરથ સોસાયટીમાં રહેતો અને અગાઉ હત્યાની કોશિશ તથા વિદેશી દારૂનો વેપલો કરવાના ગુનામાં અનેકવાર ઓલી ચોપડે ચડી ચૂકેલો નામચીન બુટલેગર પ્રતીક દિલીપ ચંદારાણા નામનો શખ્સ ચાર મહિના પહેલાં ડીસીપી ઝોન વન એલસીબી ટીમ ઝડફેલા દારૂ ના ગુનામાં નાસ્તો ફરતો હોય ત્યારે ડીસીપી એલસીબી ટીમ ના પીએસઆઇ બીવી બોરી સાગર કોસ્ટેબલ સત્યજીતસિંહ રવિરાજભાઈ તથા દિવ્યરાજસિંહ સહિતના સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે સામા કાંઠે બ્રેઝા કાર નંબર લષ ૩ ક્ષર ૬૧ નંબરની કારમાં નીકળેલા નામચીન બુટલેગર પ્રત્યેક દિલીપ ચંદનાને દબોચી લઈ કાર તથા બે મોબાઇલ મળી ૪.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# નવયુગપરામાં પતિએ પત્નીને ગુપ્ત ભાગે ડામ દીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નવયુગપરા વિસ્તારમાં રહેતી પરિણીતાને પતિએ ચાર દિવસ પૂર્વે માર મારી ગુપ્તાંગમાં ડામ દીધા હોવાના આક્ષેપ સાથે પરિણીતાને સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ નવયુગપરામાં રહેતી મીનાબેન પ્રવીણભાઈ પરમાર નામની ૨૭ વર્ષની પરિણીતા ગઈ તા.૫/૪/૨૪ ના રોજ પોતાના ઘરે હતી ત્યારે તેના પતિ પ્રવીણ પરમારે ઝઘડો કરી ગરમ ચમચા વડે ગુપ્ત ભાગે અને શરીરે ડામ દીધા હોવાના આક્ષેપ સાથે મીનાબેન પરમારને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

# સ્ક્રેપના ધંધાર્થીની પેઢીના નામે રૂપિયા ૧૨.૭૭ કરોડનું GST કોભાંડ ઝડપાયું

## પેઢીના નામે ખોટા બીલ બનાવી કૌભાંડ આચરનાર બે શખ્સો વિરુદ્ધ ફરિયાદઃ ધરપકડ કરવા તજવીજ




**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં રોજબરોજ નીત નવા કૌભાંડો બહાર આવી રહ્યા છે ત્યારે રાજકોટના ભંગારના ધંધાથી ની પેઢીના નામે બે શખ્સોએ બોગસ બિલ બનાવી રૂપિયા ૧૨.૭૭ કરોડનું જીએસટી કોભાંડ આચરતા એડમિશન પોલીસમાં બે શખ્સો વિરોધ ફરિયાદ નોંધાય છે બનાવના પગલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શહેરના અંબિકા ટાઉનશીપ માર્ગ બે નંદના હોલ એપાર્ટમેન્ટના ફ્લેટમાં રહેતા અને ભંગારની લે વેચ નો વ્યવસાય કરતા કલ્પેશભાઈ મોહનભાઈ રાણપરીયા નમના પટેલ વેપારીએ એડમિશન પોલીસમાં રાજકોટમાં રહેતો ગૌરવ કિરીટ પીઠડીયા અને અક્ષય જયંતિ પીપડીયા નામના બે શખ્સો વિરોધ ફરિયાદ નોંધાવી છે કે માર્ચ ૨૦૨૩ થી ઓગસ્ટ ૨૦૨૩ દરમિયાન આ બંને સક્ષોએ કલ્પેશભાઈ રાણપરીયા ની કલ્પેશ ટ્રેડિંગ નામની પેઢીના જીએસટી ના આઈડી પાસવર્ડ મેળવી આ બંને સક્ષોએ ખોટા બીલો બનાવી જીએસટીના આઈડી પાસવર્ડ નો દુરુપયોગ કરી રૂપિયા ૧૨ પણ ૭૭ કરોડનું જીએસટી કૌભાંડ આચાર્ય હોય જેથી એ ડિવિઝન પોલીસમાં ગૌરવ પીઠડીયા અને અક્ષય પીપળીયા વિરોધ ફરિયાદ નોંધાવતા પીઆઇ આર જી બારોટ સહિતના સ્ટાફે આ બંને શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે

# ધોરાજીમાં સરાજાહેર ત્રણ યુવાનો પર ટોળાનો હુમલો



**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી બજાર ચોકમાં આવેલ જુની બ્રાહ્મણ ગલીમાં જૂની અદાવતમાં પાંચથી છ શખસોએ ત્રણ વ્યક્તિ ઉપર હુમલો કરતા પોલીસે તાત્કાલિક મામલો કાબૂમાં લીધો હતો. ધોરાજીની મેઈન બજાર બ્રાહ્મણ ગલીમાં કાપડની એક દુકાનમાં મુસ્લિમ યુવાનો વચ્ચે બોલાચાલી થતા ત્રણ યુવાનોને ગંભીર ઈજા પહોંચી હતી તેઓને તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

હુમલાખોરો દીવાલમાં પછાડતા એક વ્યક્તિને ગંભીર ઈજાઓ અને બે ને સામાન્ય ઇજા પહોંચી હતી ઉપરોક્ત બનાવની જાણ ધોરાજીના પોલીસ ઈન્સ્પેક્ટર રવિ ગોધમને થતા તેઓ તાત્કાલિક પોલીસ સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને હોસ્પિટલ ખાતે તાત્કાલિક વાતાવરણને કાબૂમાં લીધુ હતું. ક્યા કારણોસર ઝઘડો થયો છે તે બાબતે ઈજાગ્રસ્તોની ફરિયાદના આધારે ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરવામાં આવશે તેમ જણાવેલું હતું.

# જેતપુરમાં માસુમ બાળકીને દુષ્કર્મ કરવાના ઈરાદે ઉઠાવી જઈ હત્યા કરનાર નરાધમને આજીવન કેદની સજા

## રામનવમીની રજાના દિવસે ઈન્ડસ્ટ્રીઝ એરિયા સુમસાન હોય ત્યારે ઘર પાસે રમતી અઢી વર્ષની બાળાને શખ્સે મોંઢે મુંગો દઈ ઉઠાવી ગયો



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર શહેરના સામાકાંઠા ઔદ્યોગિક એકમ જનકલ્યાણી વિસ્તારમાં ગત વર્ષે ૩૦ માર્ચના રામનવમીના દિવસે બપોરના સમયે પરપ્રાંતીય પરિવારની અઢી વર્ષની બાળકી ગુમ થઈ ગઈ હતી. શોધખોળના અંતે બાળકીના ઘરથી થોડે જ દૂર એક ખુલ્લા મેદાનમાં બોઈલરમાં બળતણ તરીકે ઉપયોગમાં લેવાતા લાકડાઓની વચ્ચે એક પ્લાસ્ટિકની કોથળી નજરે પડતા પોલીસે તે ખોલીને જોતા તેમાં બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ ઘટનામાં પોલીસે બાળકીના ઘરથી વસુંધરા પ્રીન્ટ સુધીના વિસ્તારમાં આવેલા કારખાનાઓના સીસીટીવી કેમેરા જોતા એક કેમેરામાં સાંજના ૫.૦૨ મિનિટ બાળકી દુધિયા કલરનું શર્ટ પહેરેલ એક શખસ સાથે જતી જોવા મળી હતી. જેથી પોલીસે વસુંધરા પ્રીન્ટ કારખાનાના છ થી સાત જેટલા મજૂરોને પૂછપરછ માટે બોલાવેલ જેમાં સીસીટીવી કેમેરામાં નજરે પડતા કપડા અને દેખાવ ધરાવતા શખ્સ રાજેશ ચૌહાણ મૂળ બિહારના નાલંદા જીલ્લાના રઘુનાથપરાના વતની શખ્સની પોલીસે પૂછપરછ હાથ ધરી. જેમાં આ શખ્સે કબુલાત આપેલી કે, રામનવમી કારખાનામાં રજા હોવાથી બીજા કારખાનાઓ બંધ હતા અને બધુ સુમસામ હતું. તેવામાં તેના મનમાં વાસનાનો કીડો સળવળતા તેને થોડે દૂર એક બાળકી રમતી નજરે પડી હતી. તે બાળકીને ભાગ આપવાની લાલચ આપી કારખાનામાં લઈ ગયેલ અને બાળકી સાથે દુષ્કર્મની કોશિષ કરતા બાળકીએ રાડારાડ કરી મૂકી જેથી બાળકીનો અવાજ બહાર ન જાય તે માટે રાજેશે બાળકીના મોઢે ડુમો દઈ માથામાં પથ્થર મારી હત્યા નિપજાવી નાંખી. અને બાળકીના મૃતદેહને સગેવગે કરવા પ્લાસ્ટિકની કોથળીમાં લાશ મૂકી લાકડાઓની વચ્ચે સંતાડી દીધી હતી. પોલીસે બાળકીના પિતાની ફરીયાદ પરથી આરોપી રાજેશ સામે પોક્સો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

આ ધૃણાસ્પદ બનાવનો કેસ જેતપુરની એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી તજા સરકારી વકીલ કેતન પંડ્યાએ ૧૪ સાહેદો અને ૫૫ જેટલા દસ્તાવેજી પુરાવા સાથેની દલીલ રજૂ કરતા સેશન્સ જજ એલ.જી.ચુડાસમાએ આરોપી રાજેશ ચુડાસમાને તમામ કલમ હેઠળ કસૂરવાર ઠેરવ્યો હતો. અને આરોપી રાજેશને આજીવન કેદ અને ૨૮ હજાર રૂપિયાનો દંડની સજા કરી હતી. બાળકીના માતા પિતાને ગુજરાત વિક્ટીમ કમ્પન્સેશન સ્કીમ ૨૦૧૯ની જોગવાઈ અંતર્ગત બે લાખ રૂપિયા વળતર ચુકવવા જિલ્લા કાનૂની સહાય મંડળને ભલામણ કરી હતી.

# ખોખળદડ નદી પાસે કારખાનામાંથી મેટલ ચોરી કરનાર ચાર શખ્સો ઝડપાયા

## ચોરીના બનાવમાં ડીસીપી ઝોન-૧ એલસીબીની ટીમે ગણતરીની કલાકોમાં તસ્કરોને દબોચી લઈ મુદ્દામાલ કબ્જે કર્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ખોખળદળ નદીના પુલ પાસે આવેલ એન બી ઇન્ડસ્ટ્રીઝ એરીયા શેરી નં.૧ માં મેટલના કારખાનામાં તસ્કરો ત્રાટક્યા હતા. એક રાત બંધ રહેલા કારખાનાના મુખ્ય શટરનું તાળુ તોડી કારખાનામાં લેપટોપ સહિત રૂ.૧૧.૪૧ના મેટલની તસ્કરો ચોરી ગયા હતા. આ મામલે આજીડેમ પોલીસ અને એલસીબી ઝોન-૧ની ટીમે બે કલાકમાં જ ચોરીનો ભેદ ઉકેલીનાખી ચાર શખ્સોને ઝડપી લીધા હતા.

મૂળ રાજસ્થાનના વતની અને રાજકોટમાં સાંઈબાબા સર્કલ પાસે ઓમકાર સ્કુલ પાસે પ્રવિત્ર એપાટમેન્ટમાં રહેતા ગોપાલસિહ રાનસિહ ભાટીએ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ખોખળદળ નદીના પુલ પાસે એન બી ઇન્ડસ્ટ્રીઝ એરીયા શેરી નં.૧ માં આવેલ તેમના એક રાત બંધ કારખાનામા તસ્કરો ત્રાટક્યા હતા. મુખ્ય શટરનું તાળુ તોડી કારખાનામાં રાખેલ મેરેબલ મેટલનો આશરે રૂ.૬,૪૫,૩૭૫ની કિંમતનો ૧૩૦૦ કીલો કાચો માલ તથા સ્ટીલનો તૈયાર માલ તેમજ બે લેપટોપ મળી કુલ રૂ.૧૧,૪૧,૪૭૫ ની ચોરી કરી ગયા હતા. આજીડેમ પોલીસ મથકના પી. આઈ એ. બી. જાડેજા અને તેમની ટીમે તેમજ એલસીબી ઝોન-૧ની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરી આ ચોરીમાં સંડોવાયેલ ચાર શખ્સોને આજીડેમ અને એલસીબી ઝોન-૧ ની ટીમે બે કલાકમાં જ ઝડપી લીધા હતા.

# પોરબંદરની ઝુંપડપટ્ટીમાં મહિલાની હત્યા કરનાર પ્રેમી અને તેની માતાની ધરપકડ

## પોરબંદરમાં મહિલા પતિને તરછોડીને પ્રેમી સાથે રહેવા ગયેલ: પોસ્ટમોર્ટમ બાદ સમગ્ર મામલો સામે આવ્યો



**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદરના કર્લી નજીક ઝૂંપડ પટ્ટીમાં રહેતી મહિલાને ફેક્ચર કરી હત્યા નીપજાવાની ઘટના સામે આવી છે. આ મહિલા તેના પતિને છોડીને પ્રેમી સાથે હારતોરા કરી પ્રેમી સાથે રહેતી હતી. હત્યા છુપાવવા ગેરકાનૂની પતિએ મૃતક પત્નીની લાશની અંતિમ વિધિ માટે સ્મશાને લઈ જતો હતો ત્યારે કાનૂની પતિ જોઈ જતા અને તેને ફોન પર બાતમી મળતા કાનૂની પતિએ પોલીસને જાણ કરી દેતા પોલીસ પહોંચી હતી અને હત્યાનો ભાંડો ફૂટયો હતો. આ મહિલાને પગના તળિયા તથા પ્રાઇવેટ પાટ્ર્સ છોડી શરીરના દરેક ભાગમાં લાકડા, ધોકા, ચાકુ સહિતના હથિયારથી ઈજાઓ પહોંચાડી નિર્દય રીતે હત્યા કરી નાખવામાં આવી છે. કાનૂની પતિની ફરિયાદ મુજબ પોલીસે મહિલાના ગેરકાનૂની પતિ અને સાસુને હસ્તગત કરી તપાસ હાથ ધરી છે. અમદાવાદ ખાતે અંદાજિત ૧૨ વર્ષ પહેલા રાકેશ ઉર્ફે રાજુ સોમનાથ ગાયકવાડ અને સંગીતા તુકારામ માંગ નામની યુવતીએ હારતોરા કરી લગ્ન કર્યા હતા અને થોડા વખત પછી બન્ને દંપતી પોરબંદર રહેવા આવ્યા. હતા. ત્યારે અંદાજે ૧૦ વર્ષ પહેલા સંગીતાને સાજન કાલુભાઈ ડાભી સાથે આંખ મળી જતા સંગીતાએ પતિ રાજુને મૂકીને સાજન સાથે હારતોરા કરી પતિ માની લીધો હતો. અને સાજણ સાથે સંગીતા કર્લીના પુલ પાસે ઝુપડ પટ્ટી વિસ્તારમાં રહેવા લાગી હતી. આ દરમ્યાન સંગીતા અને સાજનને સંતાનમાં ૧ પુત્રનો જન્મ થયો હતો. ગઈ કાલે વહેલી સવારે સંગીતા મૃત્યુ પામી હતી અને વાહન મારફત સાજન, તેની માતા, બહેન રેખા અને બનેવી લખન ટ્રેક્ટર મારફત સંગીતાની અંતિમ વિધિ માટે સ્મશાન તરફથી નીકળ્યા હતા ત્યારે ચોપાટી નજીક ફૂટપાથ પર રહેતો કાનૂની પતિ રાજુ તેને જોઈ ગયો હતો અને તે દરમ્યાન રાજુને કર્લી ઝૂંપડ પટ્ટીમાં રહેતો રાજુનો સબંધી મંગલભાઈનો ફોન આવ્યો હતો અને સંગીતાની હત્યા થઈ છે, અને હત્યા તેના પતિ અને સાસુએ કરી હોવાનું જણાવ્યું હતું જેથી રાજુએ તાકીદે આ અંગે પોલીસને જાણ કરી હતી જેથી પોલીસે ચોપાટી નજીકથી ટ્રેકટરને આંતરીને મૃતદેહને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યા તપાસ દરમ્યાન સંગીતાની હત્યા થઈ હોવાનો ભાંડો ફૂટ્યો હતો.સંગીતાને શરીરમાં મલ્ટીપલ ફેકચર કરવામાં આવ્યા હતા. સંગીતના માથામાં, મોઢા પર, છાતીમાં, સાથળ, બન્ને પગ, બન્ને હાથમાં લાકડા, ધોકા, ચાકુ, લોખંડ વડે ક્રૂરતા પૂર્વક માર મારી ઈજા પહોંચાડી મોતને ઘાટ ઉતારી દેવામાં આવી હતી. આ અંગે સંગીતાનો કાનૂની પતિ રાજુ ગાયકવાડે પોલીસમાં ફરિયાદી બની હત્યા કરનાર સાજન અને તેની માતા ફુલીયાબેન સામે ફરિયાદ નોંધાવતા પોલીસે સાજન અને તેની માતા ફુલીયાબેનને હસ્તગત કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# હળવદના નવા દેવળિયા ગામે સગીરાનો ગળાફાંસો ખાઈ આપઘાત

## પિતાએ મોબાઈલ ફોનમાં વિડિયો જોવાની ના કહેતા લાગી આવતા પુત્રીએ અંતિમ પગલું ભર્યુ



**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના નવા દેવળીયા ગામે વાડીમાં ખેત-મજૂરી કરી ગુજરાન ચલાવતા પરિવારની ૧૬ વર્ષીય દીકરીને પિતા દ્વારા મોબાઇલમાં વીડિયો જોવાની ના પાડી ઠપકો આપતા સગીરાને લાગી આવતા ગળેફાસો ખાઈ આપઘાત કરી લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

બનાવની મળતી માહિતી મુજબ છોટાઉદેપુર જીલ્લાના કુવરપરા ગામના રહેવાસી હાલ હળવદ તાલુકાના નવા દેવળીયા ગામે ભરતભાઈ મગનભાઈ પટેલની વાડીએ રહી ખેત મજૂરી કરતા પરિવારની ૧૬ વર્ષીય દીકરી કિંજલબેન કમલેશભાઈ નાયકને તેના પિતા કમલેશભાઈ કંચનભાઈ નાયકે મોબાઇલમાં વિડીયો જોવાની ના પાડી અને આ બાબતે ઠપકો આપેલ હોય જેથી તેમની દીકરી કિંજલબેનને મનમાં લાગી આવતા, વાડીમાં કુદરતી હાજતે જવાનું કહી ઝાડની ડાળી સાથે ગળેફાંસો ખાઇ લીધો હતો જે બનાવ બાદ સગીરાને સારવાર માટે હોસ્પિટલ લઈ જતા જ્યાં ગરજ પરના ડોક્ટરે સારવાર દરમ્યાન મરણ જાહેર કરતા હળવદ પોલીસે સમગ્ર બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.